**<u>ક્રિમી. કેસ નં. ૭૨૭૫૭/૧૮ ના કામે આંક–૧ લગત હુકમ.</u>**

**<u>-- હુ ક મ --</u>**

(૧) પ્રસ્તુત કામે ચાર્જશીટ તથા તે સાથેના પોલીસ પેપર્સ ધ્યાને લીધા. હાલના કેસમાં તપાસ કરનાર અધિકારીએ એફ.આઈ.આર.ના આધારે આરોપીઓ વિરૂધ્ધ ઈ.પી.કો. કલમ–૧૮૮ મુજબનો ગુનો દાખલ કરી ચાર્જશીટ અત્રેની અદાલતમાંદાખલ કરેલ જે મુજબ આરોપીઓએ કમિશ્નરના જાહેરનામાનો ભંગ કરી ઈ.પી.કો. કલમ ૧૮૮ મુજબનો ગુનો કર્યાનો આક્ષેપ છે. ક્રિમી. પ્રો. કોડની કલમ ૧૯૫ ધ્યાનમાં લેવામાં આવે તો તેમાં સ્પષ્ટ જણાવેલ છે કે, રાજય સેવકની લેખિત ફરીયાદ સિવાય અદાલત ઈ.પી.કો. કલમ ૧૭૨ થી ૧૮૮ ના ગુનામાં કોગ્નીજન્સ લઈ શકે નહી. નામદાર સુપ્રિમકોર્ટે દોલતરામ વિરૂધ્ધ સ્ટેટ ઓફ પંજાબ (એ.આઈ.આર.૧૯૬૨ પેજ નં.૧૨૯૬) માં જણાવેલ છે કે, Complaint must be in writing by the public servant concerned and if there is no compliance of this section then the trial was without jurisdiction and the conviction can not be maintained. જયારે નામદાર ગુજરાત હાઈકોર્ટે કાનજીભાઈ વિરૂધ્ધ સ્ટેટ (ક્રિમી.મીસી.એપ્લી. ૩૪૮/૧૯૯૫) માં પ્રતિપાદિત કરેલ છે કે, In view of the provisions of sub-section(1) of section-195, which expressly bars taking of cognizance of an offence under section-188 except as provided thereunder, read with section-2(d) of the Code, it was not permissible for the learned judicial Magistrate First Class to take cognizance of the offence in question on the basis of a charge-sheet filed pursuant to the first information report lodged by the respondent No.2 In the light of the provision of section 195(1)(a) the court could not have taken cognizance of the offence under section 188 IPC except on a complaint in writing by the public servant concerned or some other public servant to whom he is administatively subordinate.આમ, ઉપરોકત ચુકાદા ધ્યાને લેતાં હાલના કેસની હકીકત જોવામાં આવે તો પ્રસ્તુત કેસમાં રાજય સેવક અધિકારી ધ્વારા ફરીયાદ કરવામાં

આવેલ નથી પરંતુ ઈ.પી.કો. કલમ ૧૮૮ નું ચાર્જશીટ કરવામાં આવેલ છે. જેથી ક્રિમી. પ્રો.કોડની કલમ ૧૯૫(૧) અન્વયે સદરહું ગુનામાં રાજય સેવકની લેખિત ફરીયાદ ન હોય કોગ્નીઝન્સ લેવાની સત્તા રહેતી નથી. આ સંજોગોમાં કેસના ગુણદોષમાં ગયા વગર સદરહું કેસ આરોપી વિરૂધ્ધનું પ્રોસીડીંગ્સ ડ્રોપ કરવામાં આવે છે અને કેસ ફેંસલ કરવામાં આવે છે. ગુનાના કામે મુદ્દામાલ કબજે થયેલ હોય તો તેમાં જે વચગાળાનો હુકમ થયેલ હોય તે આખરી રાખવામાં આવે છે.

ઉપર મુજબ હુકમ છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૦૮/૧૨/૨૦૧૮.

(બી. બી. પટેલ )
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
અમદાવાદ.
(GJ00292)